Shri Govind Guru University
Established by Gujarat Government
Government Polytechnic Campus,
RTO Road, Gadukpur, Godhra, Gujarat 389001

નં./પીએચ.ડી./પરિપત્ર/૨૦૨૨/ 12278 તા.૦૬/૦૭/૨૦૨૨

## પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા અંગેના નિયમો અને સૂચનાઓ

| ક્રમ | વિગત |
|---|---|
| ૧. | પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા OMR બેઈઝ રહેશે. આ પરીક્ષાનું કેન્દ્ર ગોધરા રહેશે. પીએચ.ડી. પ્રવેશ પરીક્ષાનું આયોજન સંભવત: **ઓગષ્ટ-૨૦૨૨** માં થનાર છે. વિદ્યાર્થીના સીટ નંબર, પરીક્ષા કેન્દ્રનું સ્થળ અને સમય વેબસાઈટ પર હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે. |
| ૨. | પ્રવેશ પરીક્ષા ફી: રૂ. ૭૦૦/- + ઓનલાઈન પેમેન્ટ ગેટવેથી ભરવાની રહેશે. (પ્રવેશ પરીક્ષા ફી નોન રીફંડેબલ છે.) |
| ૩. | પ્રશ્નપત્રનું માળખું :<br>▪ ૭૦ બહુવૈકલ્પિક પ્રશ્નો (Multiple Choice Questions)<br>▪ કુલ ગુણ ૭૦ : ૩૫ પ્રશ્નો રીસર્ચ મેથડોલોજીના અને ૩૫ પ્રશ્નો વિષય સંબંધિત રહેશે.<br>▪ ખોટા જવાબો માટે નકારાત્મક ગુણપ્રદાન પ્રણાલી રહેશે નહિ.<br>▪ પરીક્ષાનો સમયગાળો દોઢ કલાકનો કલાકનો રહેશે. |
| ૪. | પ્રવેશ પરીક્ષામાં પાસીંગના ધોરણો: પ્રવેશ પરીક્ષામાં પાસીંગના ધોરણો યુ.જી.સી.રેગ્યુલેશન - ૨૦૧૮ મુજબના રહેશે. |
| ૫. | પીએચ.ડી. માં એડમિશન માટેના ધોરણો યુ.જી.સી.રેગ્યુલેશન - ૨૦૧૮ મુજબના રહેશે. |
| ૬. | પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ:<br>યુ.જી.સી. રેગ્યુલેશન – ૨૦૧૮ (વખતોવખતના) મુજબ જે ઉમેદવારે UGC NET, SLET, GATE, M.Phil., CSIR NET ની પરીક્ષાઓ પાસ કરેલી હોય તેઓને પીએચ.ડી. પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ આપવામાં આવશે. આ વિદ્યાર્થીઓએ ઓનલાઈન ફોર્મ ભરવું ફરજીયાત છે તેમજ ફી ફરજિયાતપણે ભરવાની રહેશે. (જેમણે ઓનલાઈન ફોર્મમાં પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિનો વિકલ્પ સ્વીકારેલ છે તેવા જ ઉમેદવારોને) ઉપરોક્ત પ્રવેશ પરીક્ષામાંથી મુક્તિ મેળવતા ઉમેદવારોએ પીએચ.ડી. પ્રવેશ સંબંધિત વિષયની DRCની પ્રક્રિયામાં હાજર રહેવું ફરજિયાત રહેશે. |
| ૭. | શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની માન્ય કોલેજોમાં અનુસ્નાતક થયેલ હોય, તે સિવાયના ગુજરાત રાજ્યની યુનિવર્સિટી કે અન્ય માન્ય યુનિવર્સિટીના વિધાર્થીઓએ પ્રવેશ પરીક્ષા પાસ કરી એલીજીબલ હોય તેવા જ વિદ્યાર્થીઓ માટે શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પ્રોવિઝનલ એડમિશન એલીજીબીલીટી સર્ટીફીકેટ (P.A.E.C.) લેવું ફરજીયાત છે. |
| ૮. | Life Science વિષયમાં ફક્ત Microbiology અને Botany વિષય જ હોય, એ સિવાયના વિષયવાળા વિદ્યાર્થીઓને ફોર્મ ન ભરવા સલાહ આપવામાં આવે છે. |
| ૯. | પ્રવેશ પરીક્ષાનો અભ્યાસક્રમ તેમજ વિષયવાર પીએચ.ડી.ની અંદાજીત ખાલી સીટોની માહિતી વેબસાઈટ પર હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે. |
| ૧૦. | આ પ્રવેશ પરીક્ષા સંબંધિત અન્ય માહિતીઓ સમયાંતરે વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે માટે ઉમેદવારોએ વેબસાઈટના સંપર્કમાં રહેવું. |
| ૧૧. | પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા સંબંધિત કોઈપણ પ્રકારના આખરી નિર્ણય લેવાની સત્તા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની રહેશે. |

SHRI GOVIND GURU UNIVERSITY

**કા. કુલસચિવ**
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,**
**ગોધરા**